બીઝનેસ સ્ટાન્ડર્ડની કિવઝમાં બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ ઝળકયા

સિન્ડીકેટ બેંકના સર્વરમાં તકલીફ સર્જાતા કામકાજ ઠપ્પ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરની સિન્ડીકેટ બેંક બે દિવસથી બંધ રહેતા કરોડો રુપીયાના વ્યવહારો અટવાઈ પડ્યા હતા. ગ્રાહકો પોતાના કામકાજ લઈને બેંકમાં આવ્યા હતા પરંતુ બેંક બંધ હોવાની જાણ થતા પરત ફરવાનો વારો આવ્યો હતો. બેંકના કોમ્પ્યુટર સર્વરમાં તકલીફ ઉભી થતા આ મુસીબત સર્જાવા પામી હતી. આજે બપોરના સમય બાદ સર્વર કાર્યરત થઈ જતા બેંકનું કામકાજ રાબેતા મુજબનું થઈ ગયું હતું.

ભારતની રાષ્ટ્રીયકૃત બેંકમાં અગત્યનું સ્થાન ધરાવતી સિન્ડીકેટ બેંકના ડેટા સર્વરમાં તકલીફ ઉભી થવા પામી હતી. જેને પગલે સિન્ડીકેટ બેંકની ભારતભરમાં આવેલી અંદાજે ૩૬૦૦ થી વધુ બ્રાંચોને આની અસર થવા પામી હતી. દેશના વિવિધ શહેરોમાં આવેલી બાંચમાં કામકાજ ઠપ થઈ ગયું હતું. બેંકનું બે દિવસમાં કરોડો રુપીયાનું ટન ઓવર અટવાઈ ગયું હતું. સિન્ડીકેટ બેંકની મુખ્ય ઓફીસ બોમ્બે હોવાથી ત્યાં જ ફોલ્ટ સર્જાતા ડેટા પ્રોબ્લેમ થતાં તમામ બાંચોને અસર થવા પામી હતી. ગાંધીનગર શહેરના સેકટર - ૧૬ ખાતે આવેલી સિન્ડીકેટ બેંક ૭ થી ૮ હજાર ગ્રાહકો ધરાવે છે. બે દિવસથી બેંક બંધ રહેતા બેંકમાં આવતા શહેરના નાગરિકોને ભારે તકલીફનો સામનો કરવો પડ્યો હતો. બેંકે આવીને ગ્રાહકો પરત જતા હતા. જોકે એટીએમ સેવા કાર્યરત હોવાથી કેશ લેવા આવતા ગ્રાહકોને તકલીફ થોડી ઓછી પડી હતી. સિન્ડીકેટ બેંકના મેનેજર સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે બેંકની તમામ બ્રાન્ચમાં તકલીફ થવા પામી તેવું એક દાયકા પછી બનવા પામ્યું છે. પહેલા ૨૦૦૫ માં તકલીફ થઈ હતી પરંતુ આ રીતે બે દિવસ બંધ રહી હોય તેવું બન્યું નથી. મેઈન સર્વરમાં મોટો ફોલ્ટ સર્જાયો હોવાથી ગ્રાહકોને તકલીફ વેઠવાનો વારો આવ્યો છે. ગત સાંજે થોડવાર માટે સર્વર શરુ થતાં જે ગ્રાહકોને બોલાવીને નાણા આપ્યા હતા. દિવસમાં બેંકમાં અંદાજે ૭૦ થી વધુ ટ્રાન્ઝેકશન થાય છે તેમજ રોકડ રૂપીયા લેવા સવા સો જેટલા ગ્રાહકો આવે છે. પરંતુ બેંક બંધ હોવાથી તમામ વ્યવહારો અટવાયા હતા અને એક જ બેંકમાં ખાતું હોય તેવા ગ્રાહકોને ભારે મુસીબતનો સામનો કરવો પડ્યો હતો. ઉલ્લેખનીય છે કે આજે બપોરના સમય બાદ બેંકનું સર્વર શરુ થઈ જતા બેંકીંગ કામ કાર્યરત થઈ જવા પામ્યું હતું. તો બીજી તરફ બેંકના કર્મચારીઓએ ગ્રાહકોની ખાસ તકેદારી લઈને જરુરીઆતવાળા ગ્રાહકોને ફોન કરીને જાણ કરી હતી. બેંકનું ડેટા સર્વર શરુ થઈ જતા કર્મચારીઓ પણ બે દિવસથી બેસીને કંટાળ્યા હોવાથી કામમાં લાગી ગયા હતા.

@ગાંધીનગર

● કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા આગામી તા. ૫ અને ૬ ફેબ્રુઆરી દરમિયાન સેકટર-૧૨, વિવેકાનંદ વિદ્યાવિહાર ખાતે રાજયકક્ષાના મેગા સાયન્સ એક્ઝિબીશન કમ ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું છે.

- નજાકતખાનમ સૈયદ

વાતવાતમાં

● કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા સે-૧૨માં વિવેકાનંદ વિદ્યા વિહાર ખાતે આયોજિત બે દિવસીય મેગા વિજ્ઞાન પ્રદર્શન માટે સંકુલની તમામ શાળા કોલેજો ભારે ઉત્સાહિત છે અને તડામાર તૈયારીઓ કરી લીધી છે. આ પ્રદર્શનમાં શહેરની લગભગ તમામ શાળાના વિદ્યાર્થી મુલાકાત લેવા ઉત્સુક બન્યા છે.

● મેગા વિજ્ઞાન પ્રદર્શનમાં કડી કેમ્પસ સંલગ્ન બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા સંચાલન અને વ્યવસ્થાપનમાં ખડે પગે સેવાઓ આપવામાં આવનાર છે. આ કાર્યદ્વારા વિદ્યાર્થીઓ માટે મેનેજમેન્ટના ગુણો શીખવાનો ઉત્તમ અવસર પ્રાપ્ત થશે.

● રાજય સરકાર દ્વારા ઉત્તર ગુજરાતના તળાવોને ૧૨૫ કરોડના ખર્ચે ભરવાનો મહત્વનો નિર્ણય લેવાયો છે. ઉનાળા પહેલા લેવાયેલો આ નિર્ણય ખેડૂતો માટે આવકારદાયક જણાય છે.

● ગાંધીનગરના સે-૨૪ની એક મહિલાનું શાક માર્કેટમાં પર્સ ચોરાઈ જવા પામ્યું હતું. પર્સ ચોરાઈ જતા મહિલાને શાક લીધા વગર જ ઘરે પરત ફરવું પડયું હતું.

● સિવિલ હોસ્પિટલમાંથી વાહનો ચોરીનો સીલસીલો યથાવત છે. આજે તો સિવિલના નર્સિંગ બ્રધરનું ટુ વ્હીલર ચોરાઈ જતા કર્મચારીઓ પણ ચિંતામાં આવી જવા પામ્યા છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

ન્યુ ગ્રીન સીટી વસાહત મંડળ દ્વારા નવા હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૪

ન્યુગ્રીન સીટી વસાહત મંડળની પ્રથમ સાધારણ સભા યોજાઈ હતી. જેમાં ન્યુગ્રીન સીટીના પ્રાણ પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ત્યાર બાદ વસાહત મંડળના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. આ વસાહત મંડળના પ્રમુખ તરીકે સુનિલ શાહ, મંત્રી તરીકે શૈલેષ પટેલ, ઉપપ્રમુખ તરીકે વખતસિંહ ચાવડા અને રામાભાઈ પટેલ સહમંત્રી તરીકે નવટરભાઈ ચૌધરી અને દશરથભાઈ ચૌધરી, ખજાનચી તરીકે લલીતભાઈ પટેલ, સહ ખજાનચી રમેશભાઈ પટેલ તથા આંતરીક ઓડીટર તરીકે દિનેશભાઈ નાયકની વરણી કરવામાં આવી હતી.

દારૂનો જથ્થો ભરેલી બોલેરો સાથે બે ઝડપાયા

રૂ. ૫.૪૦ લાખના મુદ્દામાલ સાથે બે રાજસ્થાની શખ્સોની ધરપકડ મોડી રાત્રે એસીબીની ટીમે ખોરજ બ્રીજ પાસેથી બોલેરો પકડી હતી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર-અમદાવાદ વિસ્તારમાં વિદેશી દારૂ સપ્લાય કરવા માટે એસ.જી. હાઈવે પર બોલેરો જીપ ફરી રહી હોવાની બાતમીને આધારે મોડી રાત્રે ગાંધીનગર એલસીબીની ટીમે ખોરજ બ્રીજ પાસે વોચ ગોઠવીને પકડી પાડી હતી. બોલેરોમાંથી ૩૬૦ નંગ બોટલ મળી આવી હતી. રૂ. ૫.૪૦ લાખના મુદ્દામાલ સાથે બે રાજસ્થાની શખ્સોની ધરપકડ કરીને સઘન પુછપરછ શરૂ કરી છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબી પી.આઈ. આશુતોષ પરમારે તેમની ટીમને દારૂ જુગારની બદીઓ નેસ્તનાબુદ કરવા સક્રિય કરી છે. ગઈ રાત્રે પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમના

એએસઆઈ રામાજી રાણા, હે.કો. મનુજી, કોન્સ્ટેબલ પ્રદિપસિંહ તથા વિપુલ દેસાઈ સહીતના માણસો પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળી હતી કે સરખેજ-ગાંધીનગર હાઈવે પર એસ.જી. ઢાબા નજીક એક સફેદ બોલેરો વિદેશી દારૂનો જથ્થો ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં સપ્લાય કરવા ફરી રહ્યો છે જેને આધારે ખોરજ બ્રીજ પાસે વૉચ ગોઠવીને બોલેરો જીપ નં. જીજ ૯ બીએ ૪૨૩૬ને પકડી પાડી હતી. વિવિધ બ્રાન્ડની ૩૬૦ નંગ વિદેશી દારૂની બોટલ (કિં. રૂ. ૧,૩૬,૮૦૦) જપ્ત કરી ડ્રાઈવર જિતેન્દ્ર ઉર્ફે જીતુ મુલંચ પ્રજાપતિ (ખેરવાડા, રાજસ્થાન) અને ડુંગરપુર રાજસ્થાનના હરીપ્રકાશ ઉર્ફે રૂપલાલ ડોડાને પકડી પાડવામાં આવ્યો હતો. દારૂ તથા જીપ ઉપરાંત બે મોબાઈલ મળી રૂ. ૫,૪૦,૩૦૦નો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે. ડુંગરપુર બીંછીવાડાના દિલીપ કલાલ પાસેથી તેઓ માલ ભરીને લાવ્યા હોવાનું ખુલ્યું છે.

ધી સચિવાલય સ્ટાફ ડ્રાઈવર્સ એસોસીએશનના હોદ્દેદારો

ગાંધીનગર, તા.૪

ધી સચિવાલય સ્ટાફ ડ્રાઈવર્સ એસોસિએશન ગાંધીનગરના ઉપક્રમે સચિવાલયમાં આવેલા જુદા જુદા વિભાગના ડ્રાઈવરોની તાજેતરમાં સભા યોજાઈ હતી. આ સભા દરમિયાન એસોસિએશનના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. આ એસોસિએશનના પ્રમુખ તરીકે ઘનશ્યામભાઈ પટેલ, મહામંત્રી તરીકે લાલસિંહ બિહોલા ઉપપ્રમુખ તરીકે વિક્રમસિંહ વાઘેલા અને અનિલભાઈ પરમાર, ખજાનચી પદે પ્રવિણસિંહ વાઘેલા, ઓડિટર પદે બી.કે. ડામોર, સહમંત્રી પદે સુભાષભાઈ ઓઝા અને એન.ડી. ઝાલા, સંગઠન મંત્રી પદે ઓમપ્રકાશ પંચાલ તથા જનસંપર્ક મંત્રી તરીક મોહનભાઈ પરમાર અને કે.આર. બામણીયાની વરણી કરાઈ હતી.

નાદરી-ચાંદીસણાના વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભમાં ઝળકયા

ગાંધીનગર, તા.૪

જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભમાં એથ્લેટીકસ વિભાગમાં નાદરી-ચાંદીસણા પ્રાથમિક શાળાના સાત વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં અંડર-૧ ૩માં ઠાકોર પ્રકાશ બાબુજી-બીજો ક્રમ- ચક ફેંકમાં, ઠાકોર પ્રકાશ બાબુજી-બીજો ક્રમ-૧૦૦ મી. દોડમાં, જયારે ૯ વર્ષ નીચેનામાં પટેલ મેશ્વા રમણભાઈ-બીજો ક્રમ-૩૦ મી. દોડમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આ વિદ્યાર્થીઓએ વિજેતા બની શાળાનું ગૌરવ વધાર્યું છે. તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

જીઈબી કોલોની સરકારી પ્રાથમિક શાળામાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા.૪

રાધે પરિવાર દ્વારા જીઈબી કોલોની ખાતે આવેલ સરકારી પ્રાથમિક શાળામાં એક રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રંગોળી, મહેંદી, ચિત્ર, ભાતચિત્ર, સહિતની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. શાળાના ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નગરના રાધે સ્વીટ માર્ટના સ્વ. ચંદ્રકાંતભાઈ સુખડીયાની પ્રથમ પુણ્યતિથી નિમિત્તે આ કાર્યક્રમ દરમિયાન બાળકોને તીથી ભોજન તેમજ ધોરણ ૧ અને ૨ના વિદ્યાર્થીઓને પોર્ટફોલિયો માટે રાધે સ્વીટની મોટી બેગો આપવામાં આવી હતી. આ ઉપરાંત અક્ષયપાત્ર તથા સેન્ટ્રલ એન્વાયરમેન્ટ એજયુકેશન દ્વારા હાઈજેનિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં કાંસકા, તેલ, શેમ્પુ, સાબુ, ટુથપેસ્ટ, ટુથબ્રશ, નેઈલકટર, નેપકીન, ઉલીયા સહિતના પાઉચ વિતરણ કરાયા હતા. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય દિપ્તીબેન વસાવડા, હિરલબેન ઉપાધ્યાય, જીજ્ઞેશભાઈ, જયંતભાઈ, વિપુલભાઈ તેમજ સમગ્ર રાધે પરિવારે ઉપસ્થિત રહી સ્વ. ચંદ્રકાંતભાઈ સુખડીયાને શ્રધ્ધાંજલિ પાઠવી હતી.

બીઝનેસ સ્ટાન્ડર્ડની કિવઝમાં બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ ઝળકયા

ગાંધીનગર, તા.૪

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશનનાં ત્રણ હોનહાર વિદ્યાર્થીઓએ 'બીઝનેસ સ્ટાન્ડર્ડ' સમાચાર પત્ર દ્વારા આયોજીત કિવઝ કોમ્પીટીશનમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. બીઝનેસ સ્ટાન્ડર્ડ દ્વારા દર વર્ષે ભારતભરમાં લોકપ્રિય મેનેજમેન્ટ કોલેજના વિદ્યાર્થીઓ માટે કિવઝનું આયોજન થાય છે જેમાં રાજયકક્ષાએ ઘણી બધી કોલેજના વિદ્યાર્થીઓ ભાગ લે છે. રાજયકક્ષાએ ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવાની તક સાંપડે છે. બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) ના ત્રણ વિદ્યાર્થી બિઝનેસ સ્ટાન્ડર્ડ અખબાર દ્વારા લેવાયેલી જનરલ નોલેજ કિવઝમાં ઝળકયા હતા.

આ કિવઝમાં બીબીએ કોલેજના ૬૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં વિજય ચૌધરી પ્રથમ, દિબ્યાંગ મંગરાજ દ્વિતિય તેમજ રવતાની મહંમદખાન તૃતીય સ્થાન પ્રાપ્ત કરવામાં સફળ થયા હતા. તેમને બીઝનેસ સ્ટાન્ડર્ડ અખબાર તરફથી સર્ટીફીકેટ તેમજ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને મળેલી સફળતા માટે કોલેજ પરિવાર દ્વારા ખુશીની લાગણી વ્યકત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને આવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં મદદરૂપ થવા કોલેજ દ્વારા વર્કશોપ તેમજ રેગ્યુલર અભ્યાસક્રમની સાથે લેકચરનું આયોજન પણ કરવામાં આવે છે જેથી તેઓના સામાન્ય જ્ઞાનમાં વધારો

થાય તેમજ તેઓને કેવી રીતે પરીક્ષાની તૈયારી કરવી તે માટે વિદ્યાર્થીઓને માનસિક રીતે તૈયાર કરવા તે બાબત પર કોલેજ વિશેષ ધ્યાન આપી રહી છે. જે વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કરનાર હતું.

સાંપ્રત સમયમાં વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓનું મહત્વ વધતું જાય છે ત્યારે કોલેજ દ્વારા કરવામાં આવતા પ્રયત્નો વિદ્યાર્થીઓ માટે ખુબ ઉપયોગી સાબિત થશે તેમ ત્રણેય સફળ વિદ્યાર્થીઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું. કોલેજ દ્વારા વર્ષ દરમિયાન બે વખત મોક ટેસ્ટ તેમજ તેની તૈયારી માટે સતત વર્કશોપ, સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના પરિણામે વિદ્યાર્થીઓ અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવી ક સીમેટ, કેટ તેમજ બેકિંગ, સરકારી નોકરી અને વિદેશ જવા માટે આઈઈએલટીએસની પરીક્ષાઓમાં સારું પરીણામ મેળવી શકે છે. સાંપ્રત સમયમાં સરકારી નોકરી મેળવવા માટે વિદ્યાર્થીઓમાં અનેરું આકર્ષણ છે. ત્યારે બીબીએ કોલેજ દ્વારા જે આયોજન થઈ રહ્યું છે તે વિદ્યાર્થીઓમાં ખુબ ઉત્સાહ જગાડે છે. સમગ્ર કિવઝનું આયોજન આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટી, પ્લેસમેન્ટ અને ઈન્ટેનશીપ કમિટીના હેડ ડૉ. જયેશ તન્ના તેમજ સમગ્ર સ્ટાફ દ્વારા ખુબ જહેમત ઉઠાવી પૂર્ણ કરવામાં આવ્યું હતું.

શ્રી નાની દશકોશી અઢાર ગામ વણકર સમાજ દ્વારા સન્માન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૪

શ્રી નાની દશકોશી અઢાર ગામ વણકર સમાજ દ્વારા આગામી તા. ૧૪મી ફેબ્રુઆરીને રવિવારના રોજ બપોરે ૧ કલાકે સમાજભવન-૧, સમતા સોસાયટી, રખિયાલ, અમદાવાદ ખાતે સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. સમાજના ધોર-૮ થી ૧૨માં ૬૦ટકાથી વધુટકાવારી મેળવનાર તેમજ સ્નાતક, અનુસ્નાતક ડીગ્રી કોર્સમાં ૬૫ ટકાથી વધુ માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓને સન્માનવામાં આવશે. આ સન્માન સમારોહમાં ભાગ લેવા ઈચ્છતા સમાજના તેજસ્વી તારલાઓએ સંસ્થાના દશરથલાલ પરમારનો પ્લોટ નં. ૫૪૦/૨, સે-૭-બી ખાતે સંપર્ક સાધવાનો રહેશે.

રવિવારે સ્માર્ટ કીડઝ નર્સરીનો ભવ્ય વાર્ષિકોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરની સે-૧માં સ્માર્ટ કીડઝ નર્સરી સ્કૂલના ૧૪મા વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ વાર્ષિકોત્સવ 'ડાન્સ એરાઉન્ડ ધ વર્લ્ડ' થીમ સાથે તા. ૭મી ફેબ્રુઆરી રવિવારે સવાર ૧૧ કલાકે સે-૧૭માં ટાઉનહોલ ખાતે ઉજવાશે.

સ્માર્ટ કીડઝ નર્સરી સ્કૂલ દ્વારા ૧૪મા વાર્ષિકોત્સવને ભારે ધામધૂમથી ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વાર્ષિકોત્સવમાં શાળાના ભૂલકાંઓ વિવિધ સાંસ્કૃતિક પરિવેશ પરિધાન

ડાન્સ એરાઉન્ડ ધ વર્લ્ડ થીમ અંતર્ગત બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક નૃત્યોને આવરી લેતો રંગારંગ કાર્યક્રમ રજૂ કરાશે

કરી અવનવા નૃત્યો રજૂ કરશે. વિવિધ પ્રકારના ડાન્સની વેરાયટીઝ તથા અલગ અલગ કલ્ચરલ પરિપ્રેક્ષ્ય સાથે રંગારંગ કાર્યક્રમ યોજાશે. નૃત્ય-ડાન્સ દ્વારા શારિરીક અને માનસિક સજ્જતા કેળવી શકાય છે તેવો સંદેશ આ કાર્યક્રમ દ્વારા આપવા પ્રયત્ન કરાશે.

બાળકો દ્વારા સૂર્યનમસ્કાર, યોગ અને શ્લોક ઉચ્ચારણ વગેરે પ્રવૃત્તિઓ દરરોજ સવારે સ્કૂલના પ્રાંગણમાં નિયમિત રીતે કરે છે જેનાથી ભાવિ પેઢીને તેમના ઉજ્જવળ ભવિષ્યનો સુદૃઢ માર્ગપ્રશસ્ત કરવાની શકિત પ્રાપ્ત થાય છે. નૃત્ય બાળકને આનંદ આપે છે, દરેક બાળક વૈવિધ્યપૂર્ણ સંગીત પ્રત્યે હંમેશા આકર્ષિત થાય છે જેમાં કેટલાકને મંદ તો કેટલાકને પરપંરાગત તો વળી કોઈકને ઊંચા તાલ સાથેનું તેજ સંગીત પસંદ પડે છ. આ બાબતોને આવરી લઈને શાળા સંચાલકોએ વાર્ષિકોત્સવમાં જાઝ, સ્ટ્રીટ, રોક એન્ડ રોલ, ભારતનાટયમ, ફેન ડાન્સ વગેરે વૈવિધ્યપૂર્ણ નૃત્યોનો સમાવેશ કર્યો છે. તમામ વાલીગણ તથા નગરજનોને આ સુમધુર બેન્ડ સાથેના રંગારંગ કાર્યક્રમને માણવા નિમંત્રણ આપવામાં આવ્યું છે.

પાલજ આઈ.આઈ.ટી ખાતે મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાશે

ગાંધીનગર-ચિલોડા માર્ગપર પાલજ ગામની સીમમાંઆવેલી ગાંધીનગર આઈ.આઈ.ટી અને શહેરની સિવિલ હોસ્પિટલ દ્વારા આગામી તા. ૬ અને ૭ના રોજ સવારે ૯ થી ૧ કલાક દરમિયાન મેડીકલ ચેકઅપ કેમ્પનુંઆયોજન કરવામાં આવ્યુંછે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ગાંધીનગર આઈ.આઈ.ટીના સંયુકત ઉપક્રમે આઈ.આઈ.ટી કેમ્પસ પાલજ ખાતે મેડીકલ ચેપઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં પાલજ વિસ્તારમાં આવેલી વિવિધ બાંધકામ સાઈટો ઉપર કામ કરતા અંદાજીત ૪૦૦ થી વધુ શ્રમિક પરિવારોનું મેડીકલ ચેકઅપ કરવામાં આવશે. આ કેમ્પમાં પીડીયાટ્રીશીયન, ફાર્માસીસ્ટ, ફીઝીશીયન, મેડીકલ ઓફીસર સહિતની તબીબી ટીમ હાજર રહેશે અને શ્રમિક લોકોને આરોગ્યની ચકાસણી કરીને જરુરી દવાઓનું વિતરણ કરવામાં આવશે. આઈ.આઈ.ટી ખાતે મેડીકલ કેમ્પનું આયોજન હોવાથી પાલજ ગામના ગ્રામજનોનું પણ મેડીકલ ચેકઅપ કરાશે. પાલજ ગામની આસપાસ અઢળક બાંધકામ સાઈટો આવેલી છે. આ સાઈટો પર અન્ય રાજયના શ્રમિકો મજુરી કરતા હોય છે. મજુરી કરતા હોવાથી અને ઓગ્ય આહાર ના લેતા શ્રમિકોના શરીરમાં આરોગ્યલક્ષી તકલીફો ઉભી થાય છે. આ મેડીકલ કેમ્પમાં તેઓના શરીરનું તબિબોની ટીમ દ્વારા સંપૂર્ણ ચેકઅપ કરવામાં આવશે. તેઓએ શહેરની હોસ્પિટલ જોઈ ના હોવાથી તેમજ દુર પડતી હોવાથી નજીકમાં સારવાર મેળવી લેતા હોય છે. આ શ્રમિક પરિવારોના આરોગ્યને ધ્યાને લઈ આ મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે આરોગ્ય કમિશનર જે.બી.ગુપ્તા ઉપસ્થિત રહીને જરુરી માર્ગદર્શન પુરુ પાડશે.

અમેરિકા સ્થિત બોર્લો દંપતિએ ધ્યાન શીખવાડયું

રામચંદ્ર મિશનના જોન બોર્લો અને બ્રેટસી બોર્લોએ નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓને ધ્યાન દ્વારા મનની હળવાશ પ્રાપ્ત કરવાની ટેકનિક શીખવાડી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગમાં 'હાર્ટફુલનેસ રિલેકસેશન એન્ડ મેડીટેશન' સેશન યોજાયું હતું. આ સેશનમાં વિદ્યાર્થીઓએ યુએસએથી આવેલ મેડીટેશન ટ્રેઈનર હોન બોર્લો અને તેમના પત્નિ બ્રેટસી બોર્લો પાસેથી ધ્યાન અંગે મહત્વનું માર્ગદર્શન મેળવ્યું હતું.

રામચંદ્ર મિશનના સહયોગથી નર્સિંગ કોલેજમાં યોજાયેલ હૃદયપૂર્વકની હળવાશ અને ધ્યાન અંગેના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા જહોન બોર્લોએ ધ્યાન માટે મનના સહકારની જરૂરિયાત પ્રથમ હોવાનું જણાવ્યું હતું. મન ભલે ચંચળ રહ્યું પણ તેના સહકાર વગર ધ્યાન શકય નથી તેવું જણાવતા તેમણે મનને ધ્યાન વડે તાલીમ આપી સ્થિર કરી શકાય છે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. બોર્લો બેલડીએ તમામ વિદ્યાર્થીઓને ધ્યાનની ટેકનીક શીખવાડી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે બોર્લો દંપતિ મેડિટેશન ટ્રેઈનર છે અને રામચંદ્ર મિશન અંતર્ગત યુએસએ, આઈલેન્ડ વગેરે ખાતે હેલ્થકેર વહીવટી ક્ષેત્રમાં ૨૫ વર્ષથી કાર્યરત છે. તેઓ ઉત્તર અમેરિકામાં પ્રાદેશિક કો. ઓર્ડિનેટર તરીકે સેવાઓ આપે છે. આ કાર્યક્રમમાં નિરમા યુનિવર્સિટીના પ્રાધ્યાપક ઉમેશભાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. નર્સિંગ કોલેજના કર્મચારીગણ તથા વિદ્યાર્થીઓએ સ્વસ્થ મન, સ્વસ્થ તનના હેતુથી મોટી સંખ્યામાં આ કાર્યક્રમને માણ્યો હતો અને બોર્લો બેલડી પાસેથી ધ્યાન અને રિલેકસેશનની ઘણી ટેકનિકો પણ શીખ્યા હતા. ધ્યાન દ્વારા મનની હળવાશ, વાસ્તાવિક શાંતિ, તણાવમુકત જીવન સાથે આનંદની અનુભૂતિ મેળવવા સૌ કોઈ કટિબદ્ધ બન્યા હતા.

જિલ્લા કક્ષાની એથ્લેટીકસ સ્પર્ધામાં લીંબોદરાની પી.પી.આર. શાહ સ્કૂલનો ઉત્કૃષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા.૪

તાજેતરમાં ખેલમહાકુંભની એથ્લેટીકસ સ્પર્ધા સેકટર-૧૫, સાંઈ ખાતે યોજાઈ હતી. જેમાં અન્ડર-૧૩ વિભાગમાં શ્રી પી.પી.આર. શાહ લીંબોદરા પ્રાથમિક વિભાગની વિદ્યાર્થીની દિશા બિહોલાએ ગોળાફેંકમાં બીજુ સ્થાન તેમજ દિવ્યા રાઠોડે લીંબીકૂદમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી જિલ્લામાં શાળાનું ગૌરવ વધાર્યું હતું. શાળાના બંને ખેલાડીઓને વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે તાલીમ આપી હતી. શાળાના આચાર્ય તેજસિંહ પરમારે વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

અવસાન નોંધ

સ્વ. શિરિષભાઈ હસમુખભાઈ સોનીનું અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૫મી ફેબ્રુઆરીને શુક્રવારના રોજ સવાર ૯ થી ૧૧ કલાક દરમિયાન પ્લોટ નં. ૬૧૦/૨, સેકટર-૭-બી ખાતે રાખવામાં આવ્યું છે.

ચિરવિદાય

- સ્વ. શાંતિલાલ સદાશંકર પંડયા, ઉ.વ. ૯૪
- સ્વ. અશોકકુમાર શાંતિલાલ મહેતા, ઉ.વ. ૬૩
- સ્વ. ઝાલા વૈશાલીબા અજીતસિંહ, ઉ.વ. ૧૮